Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૨૨–૦૭–૨૦૨૧**

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર, તા.૨૨–૦૭–૨૦૨૧ના રોજ સવારેઃ૧૧–૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળશે, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૨૨–૦૭–૨૦૨૧ |
|---|---|---|
| ૧. | ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા ( માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | VACANT (માનનીય ઉપકુલપતિશ્રી) | ----- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. આ.ડૉ.વિજય ધિમન, ડૉ.એસ. એન્ડ એસ. એસ. ગાંધી ગર્વમેન્ટ એન્જિનિયરીંગ કોલેજ, સુરત. | ઓનલાઈન હાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | VACANT | ----- |
| ૭. | આ.ડૉ. અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૮. | VACANT | ----- |
| ૯. | ડૉ.રાકેશ નટવરલાલ દેસાઈ | હાજર |
| ૧૦. | ડૉ. ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૧. | ડૉ. ખરચિયા કશ્યપસિંહ પ્રવિણસિંહ | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | ઓનલાઈન હાજર |
| ૧૩. | શ્રી જયરામ ગામિત | હાજર |
| ૧૪. | શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ) | હાજર |
| ૧૫. | શ્રી સંજયભાઈ લાપસીવાલા | હાજર |
| ૧૬. | શ્રી વિમલભાઈ શાહ | હાજર |
| ૧૭. | શ્રી હસમુખભાઈ પ્રેમજીભાઈ પટેલ | હાજર |
| ૧૮. | ડૉ.પારૂલબેન કિશોરકાંત વડગામા | હાજર |

૧. સિન્ડિકેટની તા.૧૬–૦૭ –૨૦૨૧ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત…

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૬–૦૭–૨૦૨૧ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને યથાવત મંજૂર કરવામાં આવે છે.**

૨. National Education Policy ૨૦૨૦ અંતર્ગત Multiple Certification Policy **અંગે વિચારણા કરતાં એકેડેમિક કાઉન્સિલ તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ થી ઠરાવ્યા અનુસાર તમામ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓએ તૈયાર કરેલ સંયુકત રીપોર્ટ પર વિચારણા કરતા એકેડેમિક કાઉન્સિલની તા.૧૨/૦૭/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૨ અન્વયે નીચે મુજબ સિન્ડિકેટને ભલામણ કરેલ છે જે અંગે વિચારણા કરવા બાબત.**

સૂચિત પોલિસી

1. In a six semester undergraduate program, the candidate shall be awarded a Certificate on successful completion of 2 semesters based on CGPA of 2 semesters.
2. In a six semester undergraduate program, the candidate shall be awarded a Diploma on completion of 4 semesters based on CGPA of 4 semesters.
3. In a 4-semester or 6-semester post-graduate program, the candidate shall be awarded a PG Diploma on successful completion of 2 semesters based on CGPA of 2 semesters.
4. Only digitally verifiable Digital copies of such Certificate, Diploma and PG Diploma shall be issued online to all the candidates.
5. In case a candidate exits the program in-between the program student is also entitled to get the transcript based on Certificate, Diploma and PG Diploma.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક : ૫૪</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, National Education Policy 2020 અંતગર્ત Multiple Certification Policyનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે.**

**વધુમાં એકેડેમિકકાઉન્સિલ દ્વારા આ બાબત અનુલક્ષીને બનેલ કમિટિ દ્વારા સબમીટ થયેલા રીપોર્ટની રૂપરેખાને ધ્યાનમાં લઈને Multiple Certification Policy નાઅમલ અંગે પ્રવર્તમાન તમામ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓને સંયુકત રીતે રીપોર્ટ તૈયાર કરી એકેડેમિક વિભાગમાં તા. ૧૦/૦૭/૨૦૨૧ સુધીમાં જમા કરાવવો.**

**<u>તમામ વિદ્યાશાખાના ડીનશ્રીઓએ તૈયાર કરેલ સંયુકત રીપોર્ટ</u>**

નેશનલ એજયુકેશનલ પોલિસી–2020 અંતર્ગત, વિભાગ-3 ".NEP 2020 Clause-wise Implementation Plan ના NEP CLAUSE 11: Towards a more Holistic and Multidisciplinary Education દ્વારા સ્પષ્ટ માર્ગદર્શન તથા દિશા નિર્દેશ આપેલ છે .NEP ના વિભાગ 3.2.2 Implementation Plan ના ઓબ્જેક્ટિવ-4 "Develop and implement a flexible curriculum that enables multiple entry and exits at the 1st, 2nd, and 3rd year of education while maintaining the rigour of learning" ના વિસ્તૃત Detailed Implementation Plan **ક્રમાંક–૧ ધ્યાને રાખી તથા અગાઉની તા.૨૫/૨૬–૦૭–૨૦૨૧ની એકેડેમિક કાઉન્સિલની મિટીંગમાં મલ્ટીપલ સર્ટીફિકેશન પોલોસીની બાબતની બનેલી કમિટીના રિપોર્ટને ધ્યાને રાખી નીચે મુજબનો ઠરાવ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

૧. **તમામ ૩ વર્ષનો સમયગાળો ધરાવતા યુ.જી. પ્રોગ્રામમા, વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ ચાર સેમેસ્ટરના તમામ વિષયમાં ઉત્તીર્ણ થયેથી તથા પ્રથમ બે સેમેસ્ટરમાં મળવામાત્ર તમામ ક્રેડીટ મેળવ્યેથી પ્રથમ બે સેમેસ્ટરના સીજીપીએ ને અનુસરીને " સર્ટીફિકેશન ઈન < કોર્ષનું નામ > આપી શકાય.**

૨. **તમામ ૩ વર્ષનો સમયગાળો ધરાવતા યુ.જી. પ્રોગ્રામમા, વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ ચાર સેમેસ્ટરના**

તમામ વિષયમાં ઉત્તીર્ણ થયેથી તથા પ્રથમ ચાર સેમેસ્ટરમાં મળવામાત્ર તમામ ક્રેડીટ મેળવ્યેથી પ્રથમ ચાર સેમેસ્ટરના સીજીપીએ ને અનુસરીને " ડિપ્લોમા ઈન < કોર્ષનું નામ > મુજબનું ડિપ્લોમા સર્ટીફિકેટ આપી શકાય.

૩. તમામ બે અથવા ત્રણ વર્ષનો સમયગાળો ધરાવતા પી.જી. પ્રોગ્રામમા, વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ બે સેમેસ્ટરના તમામ વિષયમાં ઉત્તીર્ણ થયેથી તથા પ્રથમ બે સેમેસ્ટરમાં મળવામાત્ર તમામ ક્રેડીટ મેળવ્યેથી પ્રથમ બે સેમેસ્ટરના સીજીપીએને અનુસરીને " પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમાં ઈન < કોર્ષનું નામ > મુજબનું પી.જી.ડિપ્લોમા સર્ટીફિકેટ આપી શકાય.

૪. ઉપરોકત તમામ સર્ટીફિકેટ અથવા પી.જી. સર્ટીફીકેટ મેળવવા માટે એલીજીબીલીટી ધરાવતા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા ડિજિટલ ફોર્મમાં માત્ર ઓનલાઈન મોડથી જે તે સર્ટીફીકેટ/ ડિપ્લોમા સર્ટીફીકેટ/પી.જી. ડિપ્લોમા સર્ટીફીકેટ આપવામાં આવે, જેની ખરાઈ ડિજીટલ ઓનલાઈન મોડથી થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

૫. વિદ્યાર્થી દ્વારા મલ્ટીપલ સર્ટીફીકેશન વ્યવસ્થા અંતર્ગત મળેલ ડીજીટલ સર્ટીફીકેટ/ ડિપ્લોમા / પીજી ડિપ્લોમાના સર્ટીફીકેટને આધારે Transcript મેળવી શકશે તથા યુનિવર્સિટીમાંથી તેનું વેરીફીકેશન પણ કરાવી શકશે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧૨**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તમામ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓએ તૈયાર કરેલ સંયુકત રીપોર્ટનો યથાવત્ સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**વધુમાં સ્ટેટયૂટ–૨૨૯ માં NEP 2020 અન્વયે જરૂરી ફેરફાર કરવા માટે સામેલ ડ્રાફટનો યથાવત્ સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(એકેડેમિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૨થી કરેલ ઉપરોકત ભલામણનો સુધારા સાથે સ્વીકાર કરી સેનેટને આગળની કાર્યવાહી માટે ભલામણ કરવી અને આગામી સેનેટની સભામાં Statute-229 (B) ને પ્રિ.ડૉ. અશ્વિનભાઈ એસ. પટેલ પાસે રજૂ (Move) કરાવવો.**

૩. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન **વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત વિદ્યાદીપ ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી, અણીતાની Master of Physiotherapy** અનુસ્નાતકસ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણ અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : (૦૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએNEED કમિટિની નિમણૂંક કરેલ હોય, સદર NEED કમિટિની સભા તા.૧૫–૦૭–૨૦૨૧ના રોજ બપોરે ૦૨: ૦૦ કલાકે યુનિવર્સિટી વહીવટી મકાનના સેનેટ હોલમાં મળેલ હોય, NEED કમિટિની સભા સમક્ષ સદર મંડળના પ્રતિનિધિ હાજર રહયા હતા. જે કમિટિએ નીચેની કોલેજ માટે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત...

| ક્રમ | કોલેજનું નામ | વિદ્યાશાખા | અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧. | **વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત વિદ્યાદીપ ઈન્સ્ટીટયુટ ઓફ ફીઝીયોથેરાપી, અણીતા** | **મેડિસિન** | **Master of Physiotherapy** (સ્વનિર્ભર) | **નવું જોડાણ** |

**<u>સમિતિની ભલામણ :</u>**

**હાલની પ્રવર્તમાન કોરોના મહામારીમાં તબીબી વિદ્યાશાખાના ફિઝિયોથેરાપી અભ્યાસક્રમના અનુસ્નાતક વિદ્યાર્થીઓની જરૂરિયાત અંતર્ગત સમિતિ ઉપરોકત સંસ્થાને રાજય સરકારશ્રીની મંજૂરીને આધીન ભલામણ કરે છે.**

(નોંધ :**NEED** સમિતિના અહેવાલની નકલ આ સાથે સામેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર કોલેજ માટે સ્થાનિક તપાસ સમિતિની નિમણુંક કરી તેનો રીપોર્ટ આવ્યેથી અને NEED સમિતિનો રીપોર્ટ બન્ને મળ્યેથી સિન્ડિકેટ સભા સમક્ષ આગળની કાર્યવાહી માટે રજૂ કરવો.**

૪. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન **વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત વિદ્યાદીપ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ, અણીતાની M.Sc.-Nursing** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણ અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : (૦૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ NEED કમિટિની નિમણૂંક કરેલ હોય, સદર NEED કમિટિની સભા તા.૧૫–૦૭–૨૦૨૧ના રોજ બપોરે ૦૨: ૦૦ કલાકે યુનિવર્સિટી વહીવટી મકાનના સેનેટ હોલમાં મળેલ હોય, NEED કમિટિની સભા સમક્ષ સદર મંડળના પ્રતિનિધિ હાજર રહયા હતા. જે કમિટિએ નીચેની કોલેજ માટે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત...

| ક્રમ | કોલેજનું નામ | વિદ્યાશાખા | અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧. | **વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત વિદ્યાદીપ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ, અણીતા** | **મેડિસિન** | **M.Sc.-Nursing** (સ્વનિર્ભર) | **નવું જોડાણ** |

**<u>સમિતિની ભલામણ :</u>**

**હાલની પ્રવર્તમાન કોરોના મહામારીમાં તબીબી વિદ્યાશાખાના નર્સિંગ અભ્યાસક્રમના અનુસ્નાતક વિદ્યાર્થીઓની જરૂરિયાત અંતર્ગત સમિતિ ઉપરોકત સંસ્થાને નર્સિંગ કાઉન્સિલના નિયમો તેમજ રાજય સરકારશ્રી અને નર્સિંગ કાઉન્સિલની મંજૂરીને આધીન ભલામણ કરે છે.**

(નોંધ :**NEED** સમિતિના અહેવાલની નકલ આ સાથે સામેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર કોલેજ માટે સ્થાનિક તપાસ સમિતિની નિમણુંક કરી તેનો રીપોર્ટ આવ્યેથી અને NEED સમિતિનો રીપોર્ટ બન્ને મળ્યેથી સિન્ડિકેટ સભા સમક્ષ આગળની કાર્યવાહી માટે રજૂ કરવો.**

**૫.** સાઉથ ગુજરાત મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર, મોરા ભાગળ, રાંદેર રોડ, સુરત સંચાલિત SGMERC નર્સિંગ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટ, ઉગત ભેંસાણ રોડ, મોરા ભાગળ, સુરતની શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૦૨૨ માટેની સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. (નર્સિંગ) ની નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ NEED કમિટિની નિમણૂંક કરેલ હોઈ, સદર NEED કમિટિના સભ્યોની સભા તા.૧૫–૭–૨૦૨૧ના રોજ બપોરે ૨:૦૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસના ઈકોનોમીકસ વિભાગમાં મળેલ હોઈ, NEED કમિટિની સભા સમક્ષ સદર મંડળના પ્રતિનિધિ હાજર રહયા હતા. જે કમિટિએ નીચેની કોલેજ માટે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **કોલેજનુંનામ** | **વિદ્યાશાખા** | **અભ્યાસકમ** | **જોડાણનો પ્રકાર** |
|---|---|---|---|---|
| 1. | **SGMERC** નર્સિંગ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટ, ઉગત ભેંસાણ રોડ, મોરા ભાગળ, સુરત | મેડિસિન | બી.એસસી. (નર્સિંગ) (સ્વનિર્ભર) | નવું જોડાણ |

<u>સમિતિની ભલામણ:</u>

**હાલની પ્રવર્તમાન કોરોના મહામારીમાં તબીબી વિદ્યાશાખાના નર્સિંગ સ્નાતક વિદ્યાર્થીઓની જરૂરિયાત અંતર્ગત સમિતિ ઉપરોકત સંસ્થાને નર્સિંગ કાઉન્સિલના નિયમો તેમજ રાજય સરકારશ્રી અને નર્સિંગ કાઉન્સિલની મંજૂરીને આધીન ભલામણ કરે છે.**

**(નોંધ: NEED** કમિટિના અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર કોલેજ માટે સ્થાનિક તપાસ સમિતિની નિમણુંક કરી તેનો રીપોર્ટ આવ્યેથી અને NEED સમિતિનો રીપોર્ટ બન્ને મળ્યેથી સિન્ડિકેટ સભા સમક્ષ આગળની કાર્યવાહી માટે રજૂ કરવો.**

૬. વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ બી.બી.એ., ઉમરાખ, બારડોલીના આચાર્યશ્રીએ તા.૦૫–૦૬–૨૦૨૧ના પત્રક્રમાંકઃ VTCBB/Affiliationmarg/BBA-BCA/2021/153 થી "વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ બી.બી.એ. અને વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ બી.સી.એ." શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૦૨૨થી મર્જર કરવા માટે કરેલ વિનંતી પર વિચારણા કરી, સિન્ડિકેટની તા.૨૪–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૯) અન્વયે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
( **નોંધ :** અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ બી.બી.એ., ઉમરાખ, બારડોલીના આચાર્યશ્રીએ તા.૦૫–૦૬–૨૦૨૧ના પત્રક્રમાંકઃ VTCBB/ Affiliation marg / BBA-BCA/2021/153 થી "વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ બી.બી.એ. અને વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ બી.સી.એ." શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧– ૨૦૨૨થી મર્જર કરવા માટે કરેલ વિનંતી પર વિચારણા કરી, સિન્ડિકેટની તા.૨૪–૦૬ –૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૦૯) અન્વયે નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલનો શરતોની પરિપૂર્તતાને આધિન યથાવત સ્વીકાર કરવો.**

૭. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના જોડાણ માટે સ્થાનિક તપાસ સમિતિએ કોલેજમાં રૂબરૂ તપાસ કરીને શું વિગતો ચકાસવાની છે તેની સુચિત માહિતી/ માર્ગદર્શિકા પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના જોડાણ માટે સ્થાનિક તપાસ સમિતિએ કોલેજમાં રૂબરૂ તપાસ કરીને શું વિગતો ચકાસવાની છે તેની સુચિત માહિતી/ માર્ગદર્શિકાનો યથાવત સ્વીકાર કરવો.**

૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૦૭–૨૦૨૧ ની સભાએ ભલામણ કરેલ પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **નામ** | ફેકલ્ટી | **વિષય** | એકેડેમિક કાઉન્સિલની તારીખ તથા ઠરાવ ક્રમાંક |
|---|---|---|---|---|
| **૧** | ડૉ.ગૌતમકુમાર પરસોત્તમભાઈ કાનાણી | કોમર્સ | કોમર્સ એન્ડ મેનેજમેન્ટ | તા. ૧૨–૦૭–૨૦૨૧ ઠરાવ ક્રમાંક (૦૨ ) |
| ૨ | ડૉ. વાઘેલા જીગ્નેશ પ્રભુદાસ | કોમર્સ | કોમર્સ / એકાઉન્ટન્સી | તા. ૧૨–૦૭–૨૦૨૧ ઠરાવ ક્રમાંક (૦૩ ) |
| ૩ | ડૉ.મયુરી કિરિટભાઈ દેસાઈ | કોમર્સ | કોમર્સ / સ્ટેટેસ્ટીકસ | તા. ૧૨–૦૭–૨૦૨૧ ઠરાવ ક્રમાંક (૦૪) |
| ૪ | ડૉ. ખવાણી સ્મિતા નંદલાલ | કોમર્સ | કોમર્સ / એકાઉન્ટન્સી | તા. ૧૨–૦૭–૨૦૨૧ ઠરાવ ક્રમાંક (૦૫ ) |
| **૫** | ડૉ.પારૂલ એસ.નાયક | એજ્યુકેશન | એજ્યુકેશન | તા. ૧૨–૦૭–૨૦૨૧ ઠરાવ ક્રમાંક (૦૬ ) |

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૧૨–૦૭–૨૦૨૧ની સભાએ ભલામણ કરેલ ઉપરોકત શિક્ષકોને પીએચ.ડી. માર્ગદર્શક તરીકેની માન્યતા આપવી.**

**<u>અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.</u>**

૯. શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ, સરદાર સરોવર, કેવડિયા કોલોની, તા.રાજપીપળા, જિઃ નર્મદા સંચાલિત શ્રી સ્વામીનારાયણ કોલેજ ઓફ સાયન્સ, કેવડિયા કોલોની, તા.રાજપીપળા, જિઃ નર્મદાના ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૨૨–૬–૨૦૧૭ના પત્રથી સદર કોલેજમાં ચાલતો સ્વનિર્ભર બી.એસસી. (કેમેસ્ટ્રી) નો મુખ્ય વિષય શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૨૦૧૮થી બંધ કરવા માટે કરેલ વિનંતી ઉપર વિચારણા કરી સિન્ડિકેટની તા.૩૦–૦૬–૨૦૨૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૪૪) અન્વયે નિયુકિત સમિતિના સભ્યોએ મોકલેલ કલોઝર તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.
(**નોંધ :** અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે)

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૦. શ્રીમતી ઝેડ. એસ. પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ અને શ્રીમતી ઝેડ. એસ. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, પાલનપુર જકાતનાકા, સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૦–૨૧ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ. અને બી.સી.એ.ના ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરી સિન્ડિકેટની તા.૨૧–૯–૨૦૨૦ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૩૦) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ ચકાસણી સમિતિના સભ્યોશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– ચકાસણી સમિતિના અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૧. સોંદરબા રામસિંહ માંગરોલા ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ સ્ટડીઝ, વાલિયા, જિ.ભરૂચની શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૦–૨૧ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(કેમેસ્ટ્રી)નું ચાલુ જોડાણ (તા.૧૫–૬–૨૦૨૦ થી તા.૧૪–૬–૨૦૨૧) મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૭–૧૦–૨૦૧૩ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૭૮) અને સિન્ડિકેટની તા.૨/૮–૫–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૮૦) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.એસસી.(કેમેસ્ટ્રી)<br>(સ્વનિર્ભર અભ્યાસક્રમ) | ચાલુ જોડાણ | તા.૧૫–૬–૨૦૨૦ થી તા.૧૪–૬–૨૦૨૧<br>(એક વર્ષ) |

**<u>શરતો :</u>**

૧. કાયમી આચાર્યની નિમણૂંક કરવી.
૨. કેમેસ્ટ્રીમાં–૪, ભૌતિકશાસ્ત્રમાં–૨, બોટનીમાં–૧, ગાણિતિકશાસ્ત્રમાં–૦૧ અધ્યાપકની નિમણૂંક કરવી. યુનિવર્સિટી અને સરકારશ્રીના નિયમોનું પાલન કરવું.
૩. યુનિવર્સિટીનાં ઓર્ડિનન્સ ૬૯ એ નું સંપૂર્ણ પણે વખતો વખત પરિપાલન કરવું.
૪. મકાન ૯ મીટરથી ઉચું હોવાથી સરકારશ્રીના નિયમ પ્રમાણે ફાયર સેફ્ટીની વ્યવસ્થા બનતી ત્વરાએ કરવી.

**<u>(નોંધઃ–</u>**(૧) સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં ઉપરોકત શરતો પરિપૂર્ણ થઈ છે કે નહિ તેનું વેરીફીકેશન કર્યા બાદ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરેલ છે.
(૨) સ્થાનિક તપાસ સમિતિના અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૨. ન્યુ ઈન્ડિયન એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, વી.એન. પટેલ મેડિકલ કેમ્પસ, મુ.પો. વસરાવી, તા.માંગરોલ, જિઃ સુરતના સી.ઈ.ઓ/ ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૧૬–૦૭–૨૦૨૧ના પત્ર ક્રમાંકઃ NIERS/ VNSGU/283/2020-21 થી તેઓ ન્યુ ઈન્ડિયન એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, વી.એન. પટેલ મેડિકલ કેમ્પસ, મુ.પો. વસરાવી, તા. માંગરોલ, જિઃ સુરત ખાતે 1. Diploma in Operation Theater 2. Diploma in Fire Safety 3. Diploma in Sanitary Inspector 4. Diploma in Medical Lab Technician નવા અભ્યાસક્રમ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરામાં શરૂ કરવા માટે N.O.C. (No Objection Certificate) આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ :** પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે)

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૩. વર્ષ ૨૦૨૦–૨૧ દરમિયાન **શ્રી નર્મદા એમ. એસ. ડબલ્યુ કોલેજ, માંગરોલની M.S.W.** અનુસ્નાતક **સ્વનિર્ભર** અભ્યાસક્રમનું ચાલુ જોડાણ સિન્ડિકેટની તા.૨૧–૦૯–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩૦) અન્વયે નિયુકત સ્થાનિક તપાસ સમિતિની શરતોના પરિપાલન કરવાની શરતે મંજુર કરેલ છે. તે શરતોના પરિપાલન / પુર્તતા કર્યા અંગેનો સદર કોલેજ દ્વારા તા.૧૧/૧૮–૦૨–૨૦૨૧ના પત્ર ક્રમાંક : **52/MSW/2020-21** થી રજુ કરેલ અહેવાલપર સિન્ડિકેટની તા.૧૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૭૨) અન્વયે શરતોની કરેલ પરિપાલન / પુર્તતાને સ્વીકારી, અહેવાલમાં દર્શાવેલ શરતો પૈકી પરિપાલન થયેલ ન હોય તે શરત ક્રમાંક (૧), (૨), (૩) અને (૯) નું પરિપાલન દિન–૪૦માં કરવાની જાણ સબંધકર્તા કોલેજને તા.૦૭–૦૪–૨૦૨૧ના પત્ર ક્રમાંક : એસ (પીજી) / એફીલીએશન/૫૦૮૫/૨૦૨૧ થી કરેલ હોય, સદરહું બાબતે સદર કોલેજના ઈ.ચા.આચાર્યશ્રીએ તેના તા.૦૩–૦૫–૨૦૨૧ના પત્ર ક્રમાંક : 71/MSW/2020-21 અને તા.૧૨–૦૩–૨૦૨૧ના પત્ર ક્રમાંક : 61/MSW/2020-21થી રજુ કરેલ અહેવાલ અંગે સિન્ડિકેટની તા.૦૯–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૨૦) અન્વયે વરીફીકેશન કમિટિની નિમણૂંક કરવા તથા વેરીફીકેશન કમિટિના સભ્યોની નિમણૂંક કરવાની સત્ત માન.કુલપતિશ્રીને આપવેલ હોય, **માન.કુલપતિશ્રી નિયુકત વેરીફીકેશન સમિતિની તા.૧૬–૦૭–૨૦૨૧ના રોજ મળેલ સભામાં સદર કોલેજ હારજ રહેલ પ્રતિનિધિઓ સાથે ચર્ચાને અંતે નીચે મુજબના અવલોકનો ને આધારે વિદ્યાથીઓનાં ભવિષ્યને ધ્યાનમાં રાખી યુનિવર્સિટીના ઉચ્ચ સત્તા મંડળને નિર્ણય લેવા ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત......**

**માન.કુલપતિશ્રી નિયુકત વેરીફીકેશન સમિતિનો તા.૧૬–૦૭–૨૦૨૧નો અહેવાલ**

**અવલોકનો**

**(૧) ઓનલાઈન / ઓફલાઈન શિક્ષણ થયેલ નથી.**

**(૨) અધ્યાપકોને / કર્મચારીને રોજમદાર તરીકે વેતન આપવામાં આવેલ છે.**
**(ડૉ. મનિષા જે. ડામોર અને પ્રા.પૃથ્વીરાજ પરમારના જણાવ્યા પ્રમાણે)**

**(૩) પરિપાલન માટેની શરત ક્રમાંક (૧) અને (૨) માં સંસ્થા દ્વારા ઝડપી પ્રક્રિયા કરવામાં આવેલ નથી. આ શરતોનું પરિપાલન થયેલ નથી. તેમજ નિમણૂંક બાબતે સંસ્થા ગંભીર હોય તેમ લાગતું નથી.**

**(૪) હાલમાં સંસ્થામાં બે જ અધ્યાપકો કાર્યરત છે.**

**(૫) શરત ક્રમાંક (૩) અને (૯) નું પરિપાલન થયેલ છે.**

**ઉપરોકત અવલોકનોને આધારે વિદ્યાર્થીઓનાં ભવિષ્યને ધ્યાનમાં રાખી યુનિવર્સિટીના ઉચ્ચ સત્તા મંડળને નિર્ણય લેવા ભલામણ કરે છે.**

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૪. યુનિવર્સિટીના એચ.આર.ડી. વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ર્ડા. કિરણ પંડયા દ્વારા સ્વૈચ્છીક નિવૃત્તિ માટે પત્રાંક : HRD/246/2021, તા.૧૪/૦૭/૨૦૨૧ થી દરખાસ્ત કરવામાં આવેલ હોય જે પત્ર અન્વયે તેઓની સ્વૈચ્છીક નિવૃત્તિ મંજુર કરવા તથા તા.૩૧/૦૮/૨૦૨૧ના રોજ કાર્યાલય સમય બાદ મુકત કરવા તથા નોટીસનો સમયગાળો Waive કરવા અંગે તેઓના પત્ર પર વિચારણા કરવા બાબત…

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના એચ.આર.ડી. વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ર્ડા.કિરણ પંડયા દ્વારા સ્વૈચ્છીક નિવૃત્તિ માટે પત્રાંક : HRD/246/2021, તા.૧૪/૦૭/૨૦૨૧ના પત્ર સંદર્ભે માત્ર સ્વૈચ્છીક નિવૃત્તિ માટેની વિનંતીનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો અને પત્ર અંગેની વહીવટી કાર્યવાહી યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારાધોરણ મુજબ કરવી.**

૧૫. ગુજરાત સરકારશ્રીના, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઉપસચિવશ્રીનો તા.:૧૦-૦૬-૨૦૧૯નો પરિપત્ર ક્રમાંકઃ સપય/૧૩૨૦૧૨/૭૯૮/ખ-૨ અંતગર્ત રાજયની શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી યુનિવર્સિટીઓમાં મંજુર થયેલ જગ્યાઓ પૈકી રાજીનામુ/સ્વૈચ્છિક નિવૃત્તિ/વયનિવૃત્તિ/અવસાનના કારણે ખાલી જગ્યાઓ ભરવા માટે રાજયની યુનિવર્સિટીઓ દ્વારા સરકારશ્રીની મંજુરી અર્થે દરખાસ્ત કરવામાં આવતી હતી તે મંજુર થયેલ જગ્યાઓ પૈકી રાજીનામુ/સ્વૈચ્છિક નિવૃત્તિ/વયનિવૃત્તિ/અવસાનના કારણે ખાલી રહેલ વહીવટી જગ્યાઓ જો અન્ય કારણોસર રદ્દ ન થયેલ હોય અથવા અબેયન્સમાં ના ગઈ હોય, તો તેવી વહીવટી જગ્યાઓનુ રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરી, તેવી જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવેલ હોય તે અંગે રોસ્ટર સમિતિની નિયુકત કરવામા આવી હતી જે સમિતીનો અહેવાલને પ્રથમ દ્રષ્ટિએ જોતા EWS કેટેગરીનો સમાવેશ થયેલ નથી આથી તા.૦૮/૦૨/૨૦૨૦ ની સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંક :૯૯ થી સદર અહેવાલનો સ્વીકાર થયેલ જે સમિતીના અહેવાલ પર પુનઃ વિચારણા કરવા તા. ૨૨/૦૩/૨૦૨૧ની સિન્ડિકેટની સભા સમક્ષ રજૂ કરતા ઠરાવ ક્રમાંક ૦૩ સંદર્ભે રોસ્ટર અંગે નવી સમિતીની નિમણૂંક કરવામાં આવેલ હતી. જે સમિતીની સભાનો અહેવાલ બંધ કવરમાં મળેલ છે જેના પર વિચારણા કરવા બાબત.

**નોંધ : અહેવાલ સભા સમયે રજૂ કરવામાં આવશે.**

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રીના,** શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઉપસચિવશ્રીનો તા.:૧૦-૦૬-૨૦૧૯નો પરિપત્ર ક્રમાંકઃ સપય/૧૩૨૦૧૨/૭૯૮/ખ-૨ અંતગર્ત રાજયની શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી યુનિવર્સિટીઓમાં મંજુર **થયેલ જગ્યાઓ પૈકી રાજીનામુ/સ્વૈચ્છિક નિવૃત્તિ/ વયનિવૃત્તિ/અવસાનના કારણે ખાલી જગ્યાઓ ભરવા માટે રાજયની યુનિવર્સિટીઓ દ્વારા સરકારશ્રીની મંજુરી અર્થે દરખાસ્ત કરવામાં આવતી હતી તે મંજુર થયેલ જગ્યાઓ પૈકી રાજીનામુ/સ્વૈચ્છિક નિવૃત્તિ/વયનિવૃત્તિ/અવસાનના કારણે ખાલી રહેલ વહીવટી જગ્યાઓ જો અન્ય કારણોસર રદ્દ ન થયેલ હોય અથવા અબેયન્સમાં ના ગઈ હોય, તો તેવી વહીવટી જગ્યાઓનુ રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરી, તેવી જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવેલ હોય તે અંગે રોસ્ટર સમિતિની નિયુકત કરવામા આવી હતી જે સમિતીનો અહેવાલને પ્રથમ** દ્રષ્ટિએ જોતા **EWS** કેટેગરીનો સમાવેશ થયેલ **નથી આથી તા.૦૮/૦૨/૨૦૨૦ ની સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંક :૯૯ થી સદર અહેવાલનો સ્વીકાર થયેલ જે સમિતીના અહેવાલ પર પુનઃ વિચારણા કરવા તા. ૨૨/૦૩/૨૦૨૧ની સિન્ડિકેટની સભા સમક્ષ રજૂ કરતા ઠરાવ ક્રમાંક ૦૩ સંદર્ભે રોસ્ટર અંગે નવી સમિતીની નિમણૂંક** કરવામાં આવેલ હતી. **જે સમિતીની સભાના અહેવાલનો યથાવત સ્વીકાર કરી આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૧૬. યુનિવર્સિટીના એચ.આર.ડી. વિભાગમાં સ્વનિર્ભર અભ્યાસક્રમના તા.૦૮/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક : એચઆરડી/૩૦૫/૨૦૨૦ અંતગર્ત એચ.આર.ડી. વિભાગમાં સ્વનિર્ભર અભ્યાસક્રમના આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવી રાજીનામુ આપી ફરજ મુકત થયેલ ર્ડા.સ્મૃતિ બલસારીને તેઓની બાકી રહેલ જમા રજાનુ નિયમાનુસાર રોકડમાં રૂપાંતર કરવા વિનંતી કરી હોય, તે અન્વયે યુનિવર્સિટીના તા.૨૨/૦૮/૨૦૦૭નો પરિપત્ર ક્રમાંકઃવહી/ એસ્ટા/ સ્વનિર્ભર/ ૯૦૨૬/ ૨૦૦૭ મુજબ સ્વનિર્ભર અભ્યાસક્રમમાં નિમણૂંક પામેલ શૈક્ષણિક કર્મચારીને કાયમી કર્મચારીના નિયમો મુજબની રજાના લાભ આપવા જણાવેલ છે. પરંતુ રાજીનામા, નિવૃતિ સમયે રોકડમાં રૂપાંતર કરવાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી કે જોગવાઈ કરેલ નથી અને ભૂતકાળમાં વિવિધ વિભાગોમાંથી રાજીનામુ આપી છૂટા થયેલ અન્ય કર્મચારીને બાકી રજાનુ નિયમાનુસાર ચૂકવણુ કરવામાં આવેલ નથી, તો તે અન્વયે એચ.આર. ડી.સ્વનિર્ભર અભ્યાસક્રમના ર્ડા.સ્મૃતિ બલસારીને તથા અન્ય યુનિવર્સિટીના સ્વનિર્ભર અભ્યાસક્રમમાં કાયમી નિમણૂંક પામેલ શૈક્ષણિક કર્મચારીને નિવૃત્તિ/ રાજીનામા બાદ મળવાપાત્ર લાભ અંગે સર્વગ્રાહી સામાન્ય નિતિ બનાવવા સમિતિની નિયુકિત કરવામાં આવી હતી.સદર સમિતિની સભા તા.૦૯/૧૨/ ૨૦૨૦ ના રોજ બપોરે ૩ઃ૦૦ કલાકે. રૂમ.નં.૨૨૩, IQAC, વહીવટી ભવન ખાતે મળી હતી. જે સમિતીની સભાનો અહેવાલ બંધ કવરમાં મળેલ છે જેના પર વિચારણા અર્થે તા.૨૯/૧૨/ ૨૦૨૦ ની નાણાંસમિતીમાં રજૂ કરેલ સદર બાબત નાણા સમિતિએ તા.૧૨/૦૩/૨૦૨૧ની સિન્ડિકેટમાં રજૂ કરવામાં આવેલ. સામેલ તા.૧૨/૦૩/૨૦૨૧ ની બાબત ક્રમાંક : ૩૮ ના ઠરાવ મુજબ આગામી સિન્કિટમાં રજૂ કરવી, જે પુનઃ વિચારણા કરવા બાબત

**નોંધ : અહેવાલ સભા સમયે રજૂ કરવામાં આવશે.**

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે**, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૭. અગ્રવાલ સમાજ વિદ્યા વિહાર ટ્રસ્ટ, વેસુ, સુરતના નવા જોડાણ માટે જમીનની જોગવાઈ અંગેના તા.૧૭–૦૭–૨૦૨૧ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ** :(૧) **યુ.જી.સી.ના ૨૦૧૨ ના રેગ્યુલેશનમાં જણાવેલ નીચે મુજબ જમીન અંગેની શરતની જોગવાઈ છે.**

3.1.1. Undisputed ownership and possession of land free from any or all encumbrances measuring not less than 1.5 acres if it is located in mega cities, 2 acres if it is located in metropolitan cities and 5 acres if it is located in other cities

(૨) સંસ્થાનો પત્ર આ સાથે બિડાણ તરીકે સામેલ છે.

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૧૮. યુનિવર્સિટી વહીવટીના સંપૂર્ણ કોમ્પ્યુટરઈઝેશન માટે કાર્યાલયના પત્રાંક : જન/ERP/ ૧૧૯૫૬/૨૦૧૭, તા.૦૪/૦૭/૨૦૧૭થી Guj Info Petro Limited, Gandhinagar વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે અંતર્ગત સર્વિસ લેવલ એગ્રીમેન્ટ (SLA)નો ડ્રાફટ ફાયનલ કરવા એડવોકેટશ્રી તારક દામાણીના તા.૦૨/૦૬/૨૦૨૧ના ઈ–મેલ અંતર્ગત સર્વિસ લેવલ એગ્રીમેન્ટ (SLA) માં ટેકનીકલ ડેટા અને મુદ્દાઓની ચકાસણી કરી ઘટતી કાર્યવાહી કરવા ર્ડા.અપૂર્વ દેસાઈ અને શ્રી કલ્પેશ ચાંપાનેરીની નિમણૂંક કરતા સંયુકત રીત કાર્યાલયના ક્રમાંકઃકોમ્પ્યુટર સાયન્સ/૩૧૯૮/૨૦૨૧, તા.૩૦/૦૬/૨૦૨૧ના પત્ર અતંર્ગત UMS SLA ના Finalization માટે તા.૧૮/૦૮/૨૦૧૮ના રોજ સભા મળેલ હતી, જેની કાર્યવાહી અંગેનો પત્ર તા.૧૨/૦૯/૨૦૧૮ના રોજ મોકલવામાં આવેલ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવા વિનંતી કરેલ હતી. જેથી GIPL ને આ સાથે સામેલ સર્વિસ લેવલ એગ્રીમેન્ટ (SLA) પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

**<u>માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.</u>**

૧૯. યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ સ્વનિર્ભર પ્રોગ્રામો જેવાં કે, બેચલર ઓફ આર્કિટેકચર સેલ્ફ ફાઈનાન્સ પોગ્રામ, બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન સેલ્ફ ફાઈનાન્સ પોગ્રામ અને બેચલર ઓફ ફાઈન આર્ટસ સેલ્ફ ફાઈનાન્સ પોગ્રામને વિશિષ્ટ ઓળખ તથા વૈધાનિક દરજ્જો આપવા તથા ઈન્સ્ટીટયુટનાં કિસ્સામાં ડાયરેકટર તથા જે ડિપાર્ટમેન્ટ છે તેનાં વિભાગીય વડાશ્રીની નિમણુંક કરવા અંગેની સદરહું પ્રોગ્રામોના આચાર્યશ્રી તથા તા.૧૫–૦૭–૨૦૨૧ના અહેવાલને પુનઃવિચારણા માટે સદર સમિતિને રીફર કરવો તેમજ સમિતિનો રીપોર્ટ આવ્યેથી તેના પર નિર્ણય અને અમલીકરણ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવાના સિન્ડિકેટની તા.૧૬/૦૭/૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ ૧૮ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના Act 16 (1) Class-I-Ex-officio Members (C)(ii) અન્વયે શ્રી જી. સી. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ આર્કિટેકચર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના આચાર્ય ડૉ. મહેતા રાજેશકુમાર દેવેન્દ્રકુમાર સેનેટ સભ્ય બનતા Act 23 (1) અંતર્ગત તેમણે પસંદ કરેલ આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા માનનીય કુલપતિશ્રી દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવેલ છે. જે સંદર્ભે માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ સ્વનિર્ભર પ્રોગ્રામો જેવાં કે, બેચલર ઓફ આર્કિટેકચર સેલ્ફ ફાઈનાન્સ પોગ્રામ, બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન સેલ્ફ ફાઈનાન્સ પોગ્રામ અને બેચલર ઓફ ફાઈન આર્ટસ સેલ્ફ ફાઈનાન્સ પોગ્રામને વિશિષ્ટ ઓળખ તથા વૈધાનિક દરજ્જો આપવા તથા ઈન્સ્ટીટયુટનાં કિસ્સામાં ડાયરેકટર તથા જે ડિપાર્ટમેન્ટ છે તેનાં વિભાગીય વડાશ્રીની નિમણુંક કરવા અંગેની સદરહું પ્રોગ્રામોના આચાર્યશ્રી તથા તા.૧૫–૦૭–૨૦૨૧ના અહેવાલને પુનઃવિચારણા માટે સદર સમિતિને રીફર કરવો તેમજ સમિતિનો રીપોર્ટ આવ્યેથી તેના પર નિર્ણય અને અમલીકરણ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવાના સિન્ડિકેટની તા.૧૬/૦૭/૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ ૧૮ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના Act 16 (1) Class-I-Ex-officio Members (C)(ii) અન્વયે શ્રી જી. સી. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ આર્કિટેકચર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના આચાર્ય ડૉ. મહેતા રાજેશકુમાર દેવેન્દ્રકુમાર સેનેટ સભ્ય બનતા Act 23 (1) અંતર્ગત તેમણે પસંદ કરેલ આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા માનનીય કુલપતિશ્રી દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવેલ છે. જે સંદર્ભે માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવામાં આવે છે.**

૨૦. યુ.ટી. ઓફ લક્ષદિપ એડમિનિસ્ટ્રેશન, ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ સર્વિસ, કવરત્તી આઈલેન્ડ, લક્ષદિપ દ્વારા અત્રેની યુનિવર્સિટી સાથે B.Sc. Nursing અભ્યાસક્રમનું તા.૧૫/૦૭/૨૦૨૧ના પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી નવુ જોડાણ મેળવવા કરેલ જોડાણ અરજી સ્વીકારવા વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવી.**

૨૧. રાજ્ય સરકારશ્રી દ્વારા તા. ૨૨–૦૫–૨૦૨૧થી પ્રસિધ્ધ કરવામાં આવેલ (Gujarat Act No. 15 of 2021) ગેઝેટ થી ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટીસ એક્ટ, ૨૦૦૯ની કલમઃ ૩ (૧) (૫) માં સુધારો કરી"Except the Grant-in-Aid college and institutions" શબ્દો દૂર કરવામાં આવેલ છે. તદ્દઉપરાંત કલમ ૩ (૨) (૭) "The Universities shall not receive any grant-in-aid or other financial assistance from the StateGovernment or the Central Government."શબ્દો દૂર કરવામાં આવેલ છે તથા GUJARAT ACT NO. 8 OF 2009 (ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૯)નાSchedule માં ક્રમાંક ૩૭ થી ૪૩ મુજબની પ્રાઇવેટ યુનિવર્સિટી નો ઉમેરો કરવામાં આવેલ છે. સદર સુધારાથી GUJARAT ACT NO. 8 OF 2009 (ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૯)ના Schedule માં ક્રમાંક ૬, ૩૭, ૩૮ તથા ૪૧ માં નીચે જણાવેલ પ્રાઈવેટ યુનિવર્સિટીઓની Sponsoring Bodies ની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો જેઓ તા. ૨૧–૦૫–૨૦૨૧ના રોજ સંલગ્નતા ધરાવતી હતી અને જે કોઈ વિશેષાધિકારો ધરાવતી હતી તેમની આ યુનિવર્સિટી સાથેની સંલગ્નતા તથા તેવા વિશેષાધિકારો તા.૨૨–૦૫–૨૦૨૧થી પાછા ખેંચાયેલા ગણી લેવાના થાય છે. તેથી આ ચાર પ્રાઈવેટ યુનિવર્સિટીઓની Sponsoring Bodiesની તમામ કોલેજોની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથેની સંલગ્નતા અને એવા તમામ વિશેષાધિકારોનોતા.૨૨–૦૨–૨૦૨૧થી અંત આવે છે. એટલે કે પ્રાઈવેટ યુનિવર્સિટી હેઠળની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી કોલેજોનો યુનિવર્સિટી સાથેના જોડાણનો અંત આવે છે.

GUJARAT ACT NO. 8 OF 2009 ના Schedule માં ક્રમાંક ૬, ૩૭, ૩૮ તથા ૪૧ માં જણાવેલ યુનિવર્સિટીઓઃ

- UKA Tarsadia University, Bardoli.
- Sarvajanik University, Surat.
- VanitaVishram Women's University, Surat.
- UPL University of Sustainable Technology

રાજ્ય સરકારશ્રી દ્વારા તા. ૨૨–૦૫–૨૦૨૧થી પ્રસિધ્ધ કરવામાં આવેલ (Gujarat Act No. 15 of 2021) ગેઝેટ થીગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટીસ એક્ટ, ૨૦૦૯માં કરવામાં આવેલ સુધારા અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે જોડાણ ધરાવતી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરતને સાર્વજનિક યુનિવર્સિટી તરીકે પ્રાઈવેટ યુનિવર્સિટી માટે મંજૂરી આપવામાં આવેલ છે. જે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની ૫ અનુદાનીત (Grant-in-aid) કોલેજ અને ૬ સ્વનિર્ભર કોલેજો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે જોડાણ ધરાવતી હોય, સદર સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા અત્રેની યુનિવર્સિટીને અનુદાનીત (Grant-in-aid) કોલેજોનું જોડાણ અને પ્રવેશ ચાલુ રાખવા બાબતે દરખાસ્ત પાઠવેલ હતી. જે સંદર્ભે યુનિવર્સિટી દ્વારા નામદાર હાઇકોર્ટના એડવોકેટશ્રી તારક દામાણીનો કાનૂની અભિપ્રાય પણ મેળવવામાં આવેલ હતો.

વધુમાં, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એક્ટની કલમ ૫ (૫) માં નીચે મુજબ જણાવેલ છે.

“The State Government may, by notification in the *official Gazette,* direct that this Act shall cease to apply to any area included in the University Area and on such date as may be specified in the notification; and on and from the said date all the educational institutions situate within the said area shall cease to

be associated with and to enjoy the privileges of the University."

ઉપરોક્ત બાબતે સરકારશ્રીના તા. ૨૦/૦૭/૨૦૨૧ના પત્રથી આપેલ માર્ગદર્શન અંતર્ગત ઉપરોક્ત પ્રાઇવેટ યુનિવર્સિટીઓની Sponsoring Body હેઠળની કોલેજોની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથેની સંલગ્નતા અને એવા તમામ વિશેષાધિકારોનો તા.૨૨/૦૫/૨૦૨૧થી અંત આવતો હોવાથી સદર પ્રાઇવેટ યુનિવર્સિટીઓની Sponsoring Body હેઠળની અત્રેની યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી તમામ કોલેજોનું જોડાણ ક્રમશઃ બંધ કરવા અને સિન્ડિકેટ તા.૨૭/૦૫/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : ૧૮ અંતર્ગત સદર કોલેજોના આચાર્યશ્રી/અધ્યાપકશ્રીઓનું સેનેટ સભ્યપદ ફારેગ કરવા અંગેના મા. કુલપતિશ્રીના પગલાની નોંધલેવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત અંગે માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવામાં આવે છે.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **Sd/-**
ક્રમાંક : એસ–૧ (૧)/ ૧૦૭૧૧ /૨૦૨૧ **ઈ.ચા.કુલસચિવ**
તા. ૨૨–૦૭–૨૦૨૧

પ્રતિ,

**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**